ત્રણ તલાકના મુદ્દે ફરિયાદ : પીડિતાની પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ

પાલનપુર, તા.૧૯

પાલનપુરના પશ્ચિમ પોલીસ મથકે ત્રણ તલાક ના મામલે ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે હાલ સમગ્ર દેશ મા આ મુદ્દો ચર્ચા ની એરને છે ત્યારે પાલનપુર મા ત્રણ તલાક મામલે ફરિયાદ થતા ચકચાર મચી ગઈ છે.ત્રણ વર્ષ અગાઉ પાલનપુર ના અલીગુંજ પુરા મા લગ્ન થયેલા ત્યારબાદ યેનકેન પ્રકારે હેરાનગતિ કરતા પરિણીતા મૂંગા મોઢે ત્રાસ સહન કરતી આ પરિણીતા ને થોડા દિવસ અગાઉ પતિ અને સાસરિયા ઓ એ ઝેરી દવા અને કેરોસીન પાઈ મારી નાખવાની કોશિશ કરી હતી ત્યારબાદ પિયર મા આવેલી પરિણીતા ને પતિ એ ફોન પર ત્રણ વાર તલાક બોલી તલાક આપતા ત્રણ તલાક ના મુદ્દે મામલો ગરમાયો હતો જોકે ત્રણ તલાક અને અત્યાચાર ના મામલે પતિ સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઈ છે.

ત્રણ વર્ષ પહેલાં પાલનપુર ગઠામણ ગેટ વિસ્તારમાં રહેતી યુવતીના પાલનપુર જામપુરા અલીગંજ વિસ્તારમાં તોફિક માછલીયા નામના યુવક સાથે લગ્ન થયા હતા.. લગ્ન જીવનથી નવ મહિના પહેલા એક બાળકીનો જન્મ થયો હતો. જોકે બાળકીના જન્મ પહેલાજ યુવતી પર શારીરિક માનસિક ત્રાસ જારી હતો તેવામાં પરિવાર જનોએ દીકરી અવતરતા ત્રાસ વધારી દીધો હતો છેલ્લે ૧૨ મી મેના રોજ પતિ એ કેક ઝેરી દ્રવ્ય ખવડાવી દેતા પીડિતાએ પરિવારજનોને ફોન કરી ને સઘળી હકીકત થી વાકેફ કર્યા હતા. અને ત્વરિત ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી પીડીતાના પરિવાર જનના મોબાઈલ પર ફોન કરીને ત્રણ તલાક આપી દીધા હતા.

આ સમગ્ર મામલે હાલ પાલનપુર પૂર્વ પોલીસ મથકે પીડિતાની ફરિયાદ લઈ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ એ, ૩૨૩, ૩૨૮, ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ ઉપરાંત દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩,૭ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ સી.એચ.સી.માં ડોકટરને માર મારતા આરોપી સહિત પંદર સામે પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સી.એચ.સી.ના હાજર તબીબી દ્વારા દર્દીને તપાસ દરમ્યાન ત્રીજીવાર ગર્ભ હોય હવે પછી ગર્ભ ધારણ ના કરવાના મામલે આરોપીએ ઉશ્કેરાઈ જઈને મિત્રો તથા સંગાસંબધી સાથે આવીને ડોકટરને માર મારતા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સી.એચ.સી ખાતે ગાયનેક વિભાગમાના તબીબી ડોકટર જીનેશ દ્વારા મહિલા દર્દી નસીમબાનુ સરતાજ સુમારાને તપાસ દરમ્યાન પુછતાછ કરતા મહિલાને ત્રીજીવાર ગર્ભવતી હોય સાહજીક રીતે હવે પછી ગર્ભ ધારણ ના કરવાની સલાહ આપેલ જેથી મહિલાએ તેના પતિને વાત કરતા પતિ સરતાજમીયાં ગુલામ મોહમદ સુમરા ઉશ્કેરાઈ જઈને પોતાના મિત્રો સંગા સબધીઓ સાથે આરોપીએ એક સંપ થઈ પાંતિજ સી.એચ.સી હોસ્પિટલમાં જઈને પ્રતિબંધીત સ્ત્રી વોર્ડમાં પ્રવેશી નામઠામ જણાવેલ નથી સામે ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે પોલીસ ફરીયાદ થતા મામલો તંગ બનતાં પ્રાંતિજ પી.આઇ. ટી.બી. રાઠોડ દ્વારા સી.એચ.સી સહિત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો અને તલોદ પોલીસ પણ બોલાવવાની ફરજ પડી હતી. જયારે ડોકટરની ફરીયાદ બાદ ડોકટર સામે પણ મહિલા દર્દી નસીમબાનું મોહમદ સરતાજ ગુલામમહમદ સુમરા ઉ.વર્ષ- ૩૩ ફરીયાદ કરતાં પોલીસે સી.એચ.સી પ્રાંતિજના તબીબી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જેમા હકીકત એવી છે કે દર્દી મહિલા પોતેશારીરીક તપાસ કરાવવા સારૂ સી.એચ.સી. પાંતિજ ખાતે જઈ કેસ કઢાવેલ અને આ કામના આરોપી ગાયનેક ડોકટર હોય તેઓને બતાવવા જતા તેઓએ દર્દીની જાતીય અશ્લીલ ટીકા કરી ફરીયાદીના ગૃપ ભાગે હાથ મુકીને જાતીય સતામણી કરી ગુનો કરતા ફરીયાદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ડોકટરની ફરીયાદ બાદ સામે ફરીયાદ થઈ હતી.

ઊંઝા વિસ્તારમાં પોલીસતંત્રની નિષ્ક્રીયતાથી વધતી ગુન્હાખોરી

ઊંઝા, તા. ૧૯

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગુનાઓનું પ્રમાણ ખુબ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતાં લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે.

ઊંઝા તાલુકામાં ઊંઝા શહેર અને નજીકના યાત્રાધામ ઉનાવા ખાતે સ્વતંત્ર પોલીસ સ્ટેશનો આવેલા છે. આ બન્ને પોલીસમથકોની હદમાં છેલ્લા ઘણા વખતી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ, મંદિર, વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ ઉપરાંત સમગ્ર વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓએ પણ ભારે ઉપાડો લીધો છે તેવુ ચર્ચાય છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડેલ છે તેવી છાપ પ્રજા માનસમાં ઉભી થઈ છે.

ઊંઝા પોલીસ મથકે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતુ નથી. તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી. આમ કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

કહે છે કે મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં ખાસ્સી મહેનત કરવી પડે છે. અને આર્થિક રીતે કંઈ લાભ થતો નથી. એટલે આવા ગુનાઓની તપાસમાં ખાસ રસ દાખવાતો નથી. આવી સ્થિતિમાં વણ ઉકેલાયેલ ગંભીર પ્રકારના ગુનાઓની સંખ્યા વધતી જાય છે.

દરમિયાન ઊંઝા નજીકના ઉનાવા ગામે યાત્રાસ્થળ અને ગુનાખોરીને ધ્યાનમાં લઈને આઉટ પોસ્ટના સ્થાને સ્વતંત્ર પોલીસ સ્ટેશન મંજુર થતા ગત ઓગષ્ટ-૨૦૧૫થી ઉનાવા ગામે ભાડાના મકાનમાં પોલીસ સ્ટેશન કાર્યરત થયેલ છે. આ નવિન પોલીસમથકની હદમાં પોલીસની નિષ્ક્રિયતાના કારણે મિલકત વિરૂદ્ધના તેમજ શરીરસંબંધી ગુનાઓનું પ્રમાણ વધતુ જાય છે. છેલ્લા દોઢ વર્ષ દરમિયાન ઉનાવા પોલીસમ મથકે ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે જે પૈકી કેટલાક ગુનાઓના ભેદ આજદિન સુધી ઉકેલાયા નથી.

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામે શ્રી હરિસિદ્ધિ માતાજીના ૧૧મા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બોલુન્દ્રા રાજપૂત સમાજના તમામ ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગુજરાતના પદાધિકારીઓ સહિત દેશભરના આઈએટીએમના કાર્યકર્તાઓનો રવિવારે સેમીનાર

મોડાસા, તા. ૧૯

ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મૂવમેન્ટ (આઈએટીએમ)ની પ્રથમ સેમીનાર ૨૧, મે, રવિવારે સાંજે ૬ કલાકે દિલ્હી ખાતેના કેદારનાથ ઓડીટોરીયમમાં યોજાનાર છે. જેમાં ગુજરાતના પદાધિકારીઓ સહિત દેશભરના આઈએટીએમના કાર્યકર્તાઓ હાજરી આપશે.

આ સેમિનારમાં કેન્દ્રિય મંત્રીઓ, સાંસદો, ચીફ પેર્ટન તથા રાષ્ટ્રીય ભાજપ ઉપપ્રમુખ શ્યામ જાજુજી, પ્રમુખ કમીલ રાજપુત ખાન, પ્રવક્તા સાજીયા ઈલ્મી, ઉત્તર દિલ્હી મેયર પ્રીતી અગ્રવાલ, વિજય જોલિ, અમન રાજપૂત ખાન વગેરે ઉપસ્થિત રહી આતંકવાદ વિરોધ અભિયાનને બળ આપવા, ને હાલની દેશની સરહદ પર એલોસી પર પાકિસ્તાન લશ્કર દ્વારા થતી બીનકાયદેસર ઘૂષણખોરી, વિદ્યાર્થિઓને લાલચ અને ઉશ્કેરણી દ્વારા જવાનો પર થતી પત્થરબાજી, દેશ ઉપર આતંકવાદના ખતરા વિગેરે બાબત ઉપર માર્ગદર્શન આપશે.

આ સેમીનારમાં હાજર રહેવા આઇ.એ.ટી.એમ.ની ગુજરાત ટીમના મહાસચિવ પ્રકાશ ઉપાધ્યાય, રા.મહામંત્રી દિનેશ પટેલ, સંયોજક જગદીશ ગાંધી, બિલાલ લુહાર, વિશાલ પટેલ, પ્રભુદાસ પી. પટેલ, જીત ત્રિવેદી, મનીષ ભાવસાર, એસ.એન. પટેલ સહિત ૨૦ જેટલા પ્રદેશ પદાધિકારીઓ શનિવારે દિલ્હી જવા રવાના થશે. તેમ આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી અભિયાનના ગુજરાત પ્રદેશ, મહાસચીવ અને નેશનલ એડવાઈઝર કમિટી સભ્ય પ્રકાશ ઉપાધ્યાયએ જણાવ્યું હતું.

દિયોદરના લુદરા ખાતે ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

દિયોદર, તા. ૧૯

દિયોદર તાલુકાના લુદરા ખાતે સમસ્ત રોઝિયા પરિવારના કુળદેવી શ્રી ખોડિયારમાતાજી, ગોગા મહારાજ, સિકોતર માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પંચકુંડી યજ્ઞનું ત્રિ-દિવસીય આયોજન ૧૬-૫-૨૦૧૭થી ૧૮-૫-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું.જેમાં પ્રથમ મંગલકારી દિવસ તા.૧૬-૦૫-૨૦૧૭ના રોજ પંચાગપૂજન, જળયાત્રા, મંડપ પ્રવેશ, ગ્રહહોમ, સાયંપૂજન અને દ્વિતીય પાવનકારી દિવસે પ્રાતઃ પૂજન, અંજન શલાકા, ૧૦૮ કલશાત્મક સ્નપનપ્રયોગ, મહાપુજા, સાયંપૂજન, સંધ્યાઆરતી કરવામાં આવી હતી. તો સવારે ભવ્ય શોભાયાત્રામાં ગોવાળિયો ગૃપ પાટણના કલાકાર દસરથ કિમ્બુવાના સ્વરના સથવારે લુદરાના માર્ગો પર શોભાયાત્રાને દીપાવી હતી. રાત્રે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તૃતિય કલ્યાણકારી દિવસે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સાથે મહોત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં રબારી સમાજમાં પૂજનીય પ.પૂ.ધ.ધૂ. મહંતશ્રીશ્રી ૧૦૦૮ બળદેવગીરી બાપુ (વાળીનાથ અખાડા, તરભ)તેમજ પ.પૂ. મહંતશ્રી બાલકદાસબાપુ (મદ્રિસણા) સહિત નારણભાઈ ભૂવાજી (ગમાનપુરા)એ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યાં હતાં.

રાજયમાં તાલુકા સ્તરનો સર્વ પ્રથમ બાળ અધિકારો અંગે

જાહેર જન જાગૃતિ વર્કશોપ મહેસાણા ખાતે યોજાયો

મહેસાણા, તા. ૧૯

બાળકોને પ્રાપ્ત જીવન જીવવાનો મુળભુત અધિકાર અને તેમના બંધારણીય હક્કના કાયદાની જન જનમાં જાગૃતિ ફેલાવવા રાજય સરકારે છેક છેવાડાના ગામોમાં પહોચવા બાળ સંરક્ષણના કાયદાનો પ્રસાર તાલુકા સ્તરે વિસ્તારવાનો નિર્ધાર કરેલ છે. તેનો પ્રારંભ મહેસાણા તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા આ અંગેના વર્કશોપને ગુજરાત રાજય બાળ અધિકાર આયોગના અધ્યક્ષા જાગૃતિબેન હરેનભાઈ પંડયાએ દ્વિપ પ્રગટાવી ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે તેમની સાથે મહેસાણા જિલ્લા અધિક કલેકટર રમેશભાઈ મેરજા સહીત સ્થાનીય સેવાભાવી સંગઠનોના પદાધિકારીઓ, અધિકારીઓ વગેરે જોડાયા હતા.

આ પ્રસંગે બાળ આયોગના અધ્યક્ષા જાગૃતિબેન પંડયાએ જણાવ્યું હતુ કે, બાળ સંરક્ષણના અધિનિયમનો મુળ હેતુ બાળકોને સુરક્ષા અને સંરક્ષણ પ્રદાન કરવાનો છે. તેમને શ્રેષ્ઠ નાગરીક બનાવવાનો છે. તરછોડાયેલા કે કાયદાની અથડામણમાં આવેલા બાળકોના પુનઃસ્થાપન થકી તેમને સર્જનશીલ બનાવી તેમને રાષ્ટ્રને ઉપયોગી જીવન પ્રદાન કરવાનો છે. તેમને સકારાત્મક દિશા આપવાનો હેતુ રહેલો છે.

આ પ્રસંગે બાળ સંરક્ષણ આયોગના મહીલા કાયદા અધિકારી એડવોકેટ મેઘાબેન ચિખલીયાએ બાળ સંરક્ષણાના કાયદાની જાણકારી અને માર્ગદર્શન કરતા કાયદાની વિષદ છણાવટ કરી જુવેનાઈલ જસ્ટીસ એકટની અસરકારકતા પર પ્રકાશ પાડયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર ખાનગી વાહનો ઉપર તવાઈ

એસટી અને પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયું : ચાર વાહન ડીટેઈન : ૩૬૦૦ની રકમની વસુલાત કરી

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર ખાનગી વાહન ચાલકો દ્વારા મુસાફરોને ઢસડી ઢસડીને બેરોકટોક ફેરા કરતા વાહનો ઉપર એસ.ટી અને પ્રાંતિજ પોલીસની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર ખાનગી વાહન ચાલકો દ્વારા વાહનોમાં મુસાફરોને ખીચોખીચ ભરીને ફેરી કરતાં વાહન ચાલકો સામે એસ.ટી અને પ્રાંતિજ પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં પ્રાંતિજ, તાજપુર સહિત વિસ્તારોમાં ચેંકિગ હાથ ધરવામાં આવતાં ચાર વાહન ૨૦૭ મુજબ ડીટેઈન કર્યા હતાં અને ૩૨ વાહનચાલકોને મેમો આપી ૩૬૦૦ની રકમ સ્થળ ઉપર વસુલાત કરવામાં આવી હતી.

ભિલોડા જ્યુડી મેજી. ફ. ક. કોર્ટનો ચુકાદો

મુળીયાટીંબા ગામના ઈસમને બે વર્ષની સજા

ભિલોડા,તા.૧૯

ભિલોડા જ્યુડી મેજી.ફ.ક.કોર્ટનો ચુકાદો મુળીયાટીંબા ગામના ઈસમને બે વર્ષની સજા મેજીસ્ટેટ ધ્વારા કરાઈ છે. મુળીયાટીંબા ગામના એક ઈસમે બીજા ઈસમની કોર્ટ કચેરીના કેસની જુબાની આપી હોવાની અદાવત રાખી તીક્ષ્ણ હથીયાર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ભિલોડા જ્યુડી મેજી. ફ. ક. કોર્ટ કચેરીમાં કેસ ચાલતો હતો.ગંભીર ઈજાઓ કરનાર ઈસમને મેજીસ્ટેટએ બે વર્ષની સજા અને રૂા.૩૦૦૦/-નો દંડ ફટકાર્યો હતો.

આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મુળીયાટીંબા ગામના ક્રિસ્ટોફર ખરાડીને મોહનભાઈ દાઉદભાઈ ખરાડીએ કહ્યું કે તુ મારા કેસમાં અમારા વિરૂધ્ધમાં જુબાની આપી છે તેવી અદાવત રાખી કુહાડી અને લાકડીઓ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.મુળીયાટીંબા ગામના મોહનભાઈ ખરાડી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૩૨૪ સહિત વિવિધ કલમો મુજબ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.ભિલોડા જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ કચેરીમાં કેસ ચાલતો હતો.સરકારી વકીલ એન.એમ.કટારાની ધારદાર રજુઆતો,દસ્તાવેજ અને પુરાવાના આધારે ભિલોડા મેજી.એન.એન.દવેએ મોહનભાઈ ખરાડીને દોષીત ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા અને રૂા.૩૦૦૦/-નો દંડ ફટકાર્યો હતો. કસુરવાર જો દંડ ન ભરે તો ૧૫ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ મેજીસ્ટેટે કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે અવાર-નવાર ગુન્હાઓમાં સાક્ષીઓને ડરાવી ધમકાવીને બેફામ ગુનાઓ આચરતા ઈસમો માટે ન્યાય પ્રણાલિકામાં વિશ્વાસ અંકબંધ્ધ છે તેમ જાણવા મળેલ છે.કોઈ પણ કેસમાં સાક્ષી કોર્ટ કચેરીમાં જુબાની આપી શકે તેવા ઉદાહરણ રૂપમાં ન્યાયીક ચુકાદો ભિલોડા મેજીસ્ટેટે આપતાં આનંદની લાગણી પ્રસરી હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં મીનરલ પાણી અને છાશની પરબનો શુભારંભ

ભિલોડા,તા.૧૯

હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડમાં ભારત વિકાસ પરીષદ ભિલોડા,શાખા ધ્વારા મીનરલ પાણી અને છાશની પરબનો શુભારંભ યોજાયો હતો.મીનરલ પાણી અને છાશની પરબના દાતા કનકસિંહ રાઠોડ છે.મુસાફરો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.આ પ્રસંગે ભિલોડા એસ. ટી. ડેપો મેનેજર દિનેશભાઈ ખરાડી, મુકેન્દ્રસિંહ સિસોદીયા, જયંતીભાઈ પટેલ, દિપકભાઈ સુથાર, નીતાબેન પટેલ, ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ ભાટીયા, હર્ષદભાઈ સોની, નરેન્દ્રભાઈ પ્રજાપતી, નરેશભાઈ પંચાલ, કમલેશભાઈ મહેતા, શૈલેષભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતી, સંજયભાઈ પંચાલ, ભરતભાઈ પ્રજાપતી સહિત કાર્યકરો,હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતાં વકીલની અટકાયત

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સી.એસ.સી.ના ડોકટરને માર મારતા આરોપી સહિત પંદર સામે ગુનો નોંધાતા પોલીસે ગુનેગારોની અટકાયત કરતા લોકઅપમા મુક્તા પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા વકીલની પણ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ ૧૭-૫-૨૦૧૭ના રોજ પ્રાંતિજ સી.એચ.સી. ખાતે બનેલ બનાવ સંબંધે ડોકટર જીનેશ રાઠોડ દ્વારા આપેલ અરજીના આધારે એએસઆઈ મોહનભાઈ ભીખાભાઈએ સામાવાળાઓની અટકાયત પગલાં લઈને લોકમાંમુકેલ જેથી આરોપી વકિલ મહમદ મોહસીન મહમદ ઈરફાન છાલોટીયા રહે. પ્રાંતિજ. ધંધો વકીલ કે જેવો પોલીસ સ્ટેશનને આવી આ લોકોને કેમ લોકઅપમાં મુકેલ છે હાલજ બહાર કાઢો તેમ કહી લોકઅપ પાસે જતા ફરીયાદીને લોકઅપ નજીકથી બહાર જવાનુ કહેતાં ફરીયાદીએ મને હાથ નહી લગાડવાનો તેમ કહેતાં ફરીયાદી વિક્રમસિંહ નવુજી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતાં અને હું વકીલ છું તમારાથી જે થાય તે કરી લેજો. હું તમને જોઈ લઈશ તેમ કહી સરકારી કર્મચારીને ધમકી આપી ગુનો કરતાં પ્રાંતિજ પોલીસ વિક્રમસિંહ નવુજીની ફરીયાદના આધારે પોલીસે કલમ-૧૮૬, ૧૮૯ મુજબ આરોપી વકિલની અટકાયત કરી લોકઅપમાં મુકવામાં આવ્યો હતો.